# યાદ આવે મોરી મા



વધુ કશું નથી થયું
મા – ના ગયા પછી...
બધું ખાલી થઈ ગયું
ને હૈયું ભરાઈ ગયું.

નૈમિત્તિક

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

।। आयओ गुरुबहुमाणो ।।

# નૈમિત્તિક

## જિનશાસનના આઠ પ્રકારના પ્રભાવકોમાં ચોથા પ્રકારના પ્રભાવક

## પ્રિયમ્

**अहो श्रुतम्**

શા.બાબુલાલજી સરેમલજી

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

ahoshrut.bs@gmail.com

જેઠ, વિ. ૨૦૭૭, જુન, ૨૦૨૧

# નૈમિત્તિક

નદીનો કિનારો છે.
ઠંડો ઠંડો પવન આવી રહ્યો છે.
સૂરજ ઉગવાની તૈયારીમાં છે.
પંખીઓ કલરવ કરી રહ્યા છે.
નદીનું પાણી ખળ ખળ વહી રહ્યું છે.
સૃષ્ટિ સુંદર છે, કારણ કે એ સૃષ્ટિ છે.
કારણ કે એ સહજ છે.
એણે કશો દેખાવ નથી કરવાનો.
કોઈએ સરસ વાત કરી છે –

*ગુલાબ સુંદર છે*
*કારણ કે એ ગુલાબ*
*હોવાનો ઢોંગ નથી કરતું.*

**પ્રકૃતિ એ સૌન્દર્યનો પર્યાય છે, પ્રકૃતિસ્થ આત્મા એ મોક્ષનો પર્યાય છે. સાંખ્યદર્શન કહે છે**

**સામ્યાવસ્થા એ જ પ્રકૃતિ છે. કંઈક લાવવું છે, બનાવવું છે, દેખાડવું છે, ત્યાં જ વિકૃતિ શરૂ થાય છે.**

નદીના એ કિનારે બે વિદ્વાનો બેઠા છે. એક સામાન્ય વિદ્વાન છે, બીજા ઉચ્ચ કક્ષાના વિદ્વાન છે. કોઈ બહેન નદીએ પાણી ભરવા આવ્યા છે. માટલામાં પાણી ભર્યું છે. માટલું માથે મુક્યું છે. ઘરે પાછા જઈ રહ્યા છે. ત્યાં એમની નજર આ વિદ્વાનો પર પડે છે. બહેન ઊભા રહી જાય છે. કંઈક વિચાર કરે છે, ને પછી એમની પાસે જઈને કહે છે, ‘‘મારો દીકરો પરદેશ ગયો એને સાડા પાંચ વર્ષ થયા. હું તો રાહ જોઈ જોઈને થાકી. તમે જ્ઞાની લાગો છો, તો જરા કહો ને મારો દીકરો ક્યારે ઘેર પાછો આવશે ?’’ છેલ્લા શબ્દો બોલતા બોલતા બહેન ગળગળા થઈ ગયા. માટલાનું સંતુલન ગયું.

માટલું પડ્યું નીચે, ફૂટી ગયું, પાણી બધું ઢોળાઈ ગયું.

પહેલા વિદ્વાને કહ્યું, ''બહેન, તમારો દીકરો મરી ગયો છે. હવે તમે એની રાહ જોવાનું છોડી દો.'' બહેન તો આ સાંભળીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા... 'હાય મારો દીકરો મરી ગયો... હાય.. હાય...'

લોકો ભેગા થવા લાગ્યા. બીજા વિદ્વાને કહ્યું, 'બહેન, તમે રડો નહીં, તમારો દીકરો મરી નથી ગયો, પણ જીવિત છે.' બહેન તો ફાટી આંખે જોવા લાગ્યા... ''હેં ?'' ''હા બહેન, એટલું જ નહીં, એ તમારા ઘરે પણ આવી ગયો છે. એ તમારી રાહ જ જોઈ રહ્યો છે, તમે ઘરે પહોંચશો, એટલે એ તમને મળી જશે.''

બહેન ક્ષણ માટે તો અવઢવમાં પડી ગયા, એક વિદ્વાન કંઈક જુદું જ કહે છે ને બીજા...હવે

શું કરવું ? ને બહેનને ભાન આવ્યું કે ઝટ ઘેર જઈને જોઉં એટલે ખબર પડી જશે, બહેન દોડ્યા. લોકો ગણગણાટ કરવા લાગ્યા. પહેલા વિદ્વાને બીજા વિદ્વાનને કહ્યું, ''તમે કેમ આવો ફલાદેશ કર્યો ? શું તમે ભૂલી ગયા કે શાસ્ત્રમાં શું કહ્યું છે ?

तज्जाएण य तज्जायं तन्निभेण य तन्निभं ।

*જેવું નિમિત્ત તેવો ફલાદેશ.*

માટલું ફૂટી ગયું એટલે દીકરો મરી ગયો. આવો સીધો ફલાદેશ મળતો હતો, તો તમે કેમ આવો ઊંધો ફલાદેશ કર્યો ?'

**બીજા વિદ્વાન મૌન છે. એમના મોઢા પર સ્મિત ફરકી રહ્યું છે. જ્ઞાનને પોતાના જ્ઞાનપણાને સાબિત કરવાની જરૂર હોતી નથી. જ્ઞાનમાં કોઈ ઉછળકૂદ નથી હોતી, જ્ઞાનને કોઈ અધીરાઈ નથી હોતી, કોઈ એના પર અજ્ઞાનનું લેબલ લગાડી દે,**

**તો ય જ્ઞાન તો જ્ઞાન જ રહે છે. જ્ઞાનને એ લેબલ સાથે કોઈ ઝગડો નથી હોતો, કારણ કે લેબલ એ લેબલ જ છે અને જ્ઞાન એ જ્ઞાન જ છે.**

પહેલા વિદ્વાનના મનમાં વિકલ્પોના વાવાઝોડા ચાલી રહ્યા છે. ત્યાં પેલા બહેન એકદમ રાજીના રેડ થઈ એક રૂમાલમાં થોડા રૂપિયા બાંધીને આવે છે. બીજા વિદ્વાનના પગમાં પડી જાય છે, તેમને તે રૂપિયા આપે છે, ને કહે છે, 'જેવું તમે કહ્યું હતું, એવું જ થયું. મારો દીકરો ઘરે આવી ગયો હતો, ને મારી રાહ જ જોતો હતો. ધન્ય છે તમને.' આમ કહી તે બહેને પહેલા વિદ્વાન સામે જોઈને મોઢું મચકોડ્યું ને કંઈક નિંદા જેવું બોલીને જતા રહ્યા.

હવે પહેલા વિદ્વાનથી ન રહેવાયું. એમણે પૂછ્યું, 'તમે કયા સૂત્રથી આ ફલાદેશ કર્યો હતો ?'

બીજા વિદ્વાને કહ્યું, 'એ જ સૂત્રથી.'

तज्जाएण य तज्जायं तन्निभेण य तन्निभं ।

*જેવું નિમિત્ત એવો ફલાદેશ.*

**પહેલા વિદ્વાને અકળાઈને કહ્યું, 'પણ મેં ય એ જ સૂત્રથી તો ફલાદેશ કર્યો હતો, ઘડો ફૂટી ગયો, એટલે દીકરો મરી ગયો.' બીજા વિદ્વાને કહ્યું, 'તમે નિમિત્તને વાંચવામાં થાપ ખાધી. ઘડો ફૂટ્યો એ નિમિત્તનો અર્થ એ હતો કે જેમ માટીનો ઘડો માટીમાં મળી ગયો, એમ મા-નો દીકરો મા-ને મળી ગયો.'**

પહેલા વિદ્વાન સ્તબ્ધ થઈ જાય છે. લોકો મન્ત્રમુગ્ધ થઈ જાય છે. સૌ સમ્માનપૂર્ણદષ્ટિથી બીજા વિદ્વાનને જોઈ રહ્યા છે. ગામમાં વાત ફેલાય છે,

કે નદી કિનારે મોટા પંડિત આવ્યા છે. ઘણા બધા લોકો નદીકિનારે આવવા લાગે છે.

એક ભાઈ પૂછે છે, 'મારો ય છોકરો પરદેશ ગયો છે. એ ક્યારે આવશે ?' હવે એ ભાઈ પાસે તો માટલું જ નથી, એટલે ફૂટવા ન ફૂટવાનો સવાલ જ નથી. પહેલા વિદ્વાન મનમાં ગડમથલ કરી રહ્યા છે. ત્યાં બીજા વિદ્વાન કહે છે, 'નહીં આવે. એનું મૃત્યુ થઈ ચૂક્યું છે.' બધા સ્તબ્ધ બનીને જોઈ રહ્યા છે, ત્યાં એના દીકરાના મામા આવે છે, સમાચાર આપે છે કે મારે ત્યાંથી એનું વહાણ રવાના થયું હતું, એ દરિયાઈ તોફાનમાં ડુબી ગયું.' બધા એ વિદ્વાનના જ્ઞાન પર ઓવારી જાય છે. પહેલા વિદ્વાન આ ફળાદેશનો આધાર પૂછે છે, બીજા વિદ્વાન કહે છે, 'એ પ્રશ્ન પૂછી રહ્યા હતા, ત્યારે જ પાસેના

વૃક્ષ પરથી ઘુવડનો અવાજ આવ્યો હતો, ને એ અત્યંત અપ્રશસ્ત હતો.

એક યુવાન આગળ આવીને પગે લાગ્યો. એણે પૂછ્યું, 'ગઈ કાલે મારું પાકીટ ખોવાઈ ગયું છે એ ક્યાં હશે ?' હવે નથી માટલું ફૂટ્યું, નથી ઘુવડનો અવાજ. નથી બીજો કોઈ અવાજ. પહેલા વિદ્વાનને થયું કે હવે તો બીજા વિદ્વાન હાર માની લેશે, નિમિત્ત જ નથી તો ક્યાંથી ફળાદેશ કરશે ? એ મુંઝાઈ જશે, એ ગલ્લાતલ્લા કરશે, એ ગમે તે રીતે પોતાની હારને ઢાંકવા માટે ફાંફા મારશે, યા એ ગુસ્સે થઈ જશે ને કહેશે કે 'મને આવા બધા પ્રશ્નો નહીં પૂછવાના...'

બધાને જિજ્ઞાસા છે કે હવે એ શું જવાબ આપશે ?...ને એમણે પૂરી સ્વસ્થતા ને મક્કમતાથી કહ્યું, 'તમારા ઘરની અગાશીમાં છે.' પેલો યુવાન

તો દોડ્યો, થોડી વારમાં એક હાથમાં પાકીટ અને બીજા હાથમાં કંઈક ભેટ સાથે આવ્યો. વિદ્વાનનો ખૂબ ખૂબ આભાર માની તેમને ભેટ આપી.

**પહેલા વિદ્વાન એકદમ છક્કડ ખાઈ ગયા. એમણે પૂછ્યું, 'તમને આ કેવી રીતે ખબર પડી ગઈ ?' બીજા વિદ્વાને કહ્યું, 'અંગનિમિત્તથી. એ યુવાન જ્યારે પ્રશ્ન પૂછી રહ્યા હતા ત્યારે તેમણે હાથથી માથામાં ખંજવાળેલું. તેના પરથી મેં આ ફળાદેશ કર્યો.'**

ત્યાં એક વૃદ્ધ ભાઈ આગળ આવ્યા, એમણે પૂછ્યું, 'મારી ય એક ચાંદીની થાળી ત્રણ વર્ષથી મળતી નથી, એ ક્યાં હશે ?' પહેલા વિદ્વાનને થયું કે હવે નથી કોઈ માટલું, નથી કોઈ અવાજ, નથી કોઈ હાથ વગેરેની પ્રવૃત્તિ... હવે બરાબર ભીંસમાં આવ્યા છે... જોઈએ હવે શું કહે છે. વિદ્વાને તરત

જવાબ આપ્યો, 'તમારા ઘરમાં નૈઋત્ય ખૂણામાં છે.' વૃદ્ધ ભાઈએ તરત દીકરાને મોકલ્યો. એ દોડતો દોડતો ગયો. નૈઋત્ય ખૂણામાં તો વધારાનો સામાન પડ્યો હતો. બધું ફેંદતા ફેંદતા છે'ક નીચે ખૂણેથી એ થાળી મળી આવી. એ યુવાન થાળી લઈને દોડતો આવ્યો.

**પહેલા વિદ્વાનના આશ્ચર્યનો પાર ન રહ્યો, તેમણે પૂછ્યું, ''આ ફળાદેશ શેના આધારે કર્યો ?'' બીજા વિદ્વાને કહ્યું, ''વ્યંજનનિમિત્તથી. એમણે પ્રશ્ન કર્યો, એ અક્ષરો કંઠ્ય વગેરે જે વર્ગના હતા, એના આધારે આ ફળાદેશ કર્યો હતો.**

એ વૃદ્ધ ભાઈ તો વિદ્વાનના પગે પડી ગયા. પોતાને ત્યાં જમવા આવવાનો આગ્રહ કર્યો, બંને વિદ્વાન ચાલી રહ્યા છે. પાછળ આખું ગામ છે. એ વૃદ્ધ ભાઈ એમને પોતાના ઘર તરફ લઈ જઈ રહ્યા

છે. ત્યાં રસ્તામાં વૃક્ષ પરથી તદ્દન જુદી જાતનો પંખીનો અવાજ આવ્યો. ગામના એક જણે વિદ્વાનને પૂછ્યું, ‘‘આ પંખી કેવું હશે ?’’

પંખી દેખાતું નથી, બીજું કોઈ નિમિત્ત નથી. કંઠ્ય વગેરે અક્ષરો ય નથી, હવે ? બધા એ વિદ્વાન સામે તાકી રહ્યા છે. ને એ ઠંડકથી જવાબ આપે છે, ‘‘આકાશી વાદળી રંગનું એ પંખી છે ને એના ગળામાં મોરના પીંછાનો કાંઠલો છે.’’ પંખી તો દેખાતું નથી. એક જણ વૃક્ષ નીચે જઈને પંખીને જોવાનો પ્રયાસ કરે છે. ત્યાં સૂકા પાંદડાનો ખડખડાટ થાય છે. પંખી તરત જ વૃક્ષ પરથી ઉડી જાય છે. બધા નજર સામે જુએ છે, પંખી બરાબર એવું જ છે જેવું એ વિદ્વાને કહ્યું હતું. પહેલા વિદ્વાન આભા બનીને જોઈ રહ્યા. ‘‘આ ફળાદેશ ?’’ બીજા વિદ્વાને કહ્યું, ‘‘સ્વર નિમિત્તથી.’’

વૃદ્ધ ભાઈનું ઘર આવી ગયું. રસોઈ તૈયાર થઈ. વિદ્વાનોને જમવા બેસાડ્યા ગરમ ગરમ શીરો એ ભાઈ પોતાના હાથે પીરસી રહ્યા છે... ને એ ભાઈએ છણકો કરીને કહ્યું, ''તમને ચોક્ખું કહ્યું કે આટલા મોટા પંડિતો આવ્યા છે, તો સારામાં સારો શીરો કરજો, તો ય તમે વેઠ ઉતારો છો. આ તે શીરો કર્યો છે કે થૂલી ? કોઈ સોડમ નહીં, કોઈ સુગંધ નહીં...''

**બધા આશ્ચર્ય સાથે સાંભળી રહ્યા. છે'ક પાડોશમાં ય સુગંધ પહોંચી ગઈ હતી, એવો શીરો બન્યો હતો. આખા ઘરમાં એની સુગંધ રેલાઈ રહી હતી... ને છતાં ય...**

એમને શું કહેવું એની ઘરવાળા અવઢવમાં છે. એ સમયે વિદ્વાન એમને પૂછે છે, ''તમને તાવ આવે છે ?'' એ કહે, ''ના.'' ''અજીર્ણ છે ?'' ''ના.''

કોઈ રોગ છે ?'' ''ના.'' ''માથું દુઃખે - એવું કંઈ પણ થાય છે ?'' ''ના, પણ કેમ એવું પૂછો છો ?'' ''શીરો બિલકુલ સુગંધ વગરનો છે ?'' ''હાસ્તો, પ્રત્યક્ષ જ અનુભવાય છે ને ?'' ''સારું.''

બંને વિદ્વાનોએ જમી લીધું. વૃદ્ધભાઈએ એમને સરસ ધોતી જોટા-ભેટ આપ્યા. વિદ્વાને ઘરના લોકોને બીજા રૂમમાં જવા કહ્યું. વૃદ્ધને નજીક બોલાવ્યા ને ધીમેથી કહ્યું, ''હવે તમારું આયુષ્ય ફક્ત સાત જ દિવસ છે, તમારે જે કામો પતાવવાના હોય, એ પતાવી લેજો.'' વૃદ્ધ સ્તબ્ધ થઈ જાય છે. વિદ્વાનના જ્ઞાન પર પૂરો વિશ્વાસ તો હતો જ. વૃદ્ધ ભાઈ પોતાના કક્ષમાં જઈને કામે લાગ્યા. પહેલા વિદ્વાને પૂછ્યું - ''આ ફળાદેશ શેના પરથી ?'' બીજા વિદ્વાને કહ્યું. રિષ્ટનિમિત્તથી.

**समधाऊ वि ण गेण्हइ सुगंधगंधं सया णरो जो दु ।**
**दिणसत्तएण मच्चू णिद्दिट्ठो तस्स णियमेण ॥**

***જે મનુષ્યની ધાતુઓ સમ હોવા છતાં,***
***એટલે કે જે નીરોગી હોવા છતાં***
***'સુગંધ' ને ન સૂંઘી શકે,***
***તે અવશ્ય સાત દિવસ પછી મૃત્યુ પામે છે.***

વૃદ્ધ ભાઈએ વિદ્વાનોને ત્યાં જ રોક્યા. સાત દિવસ પછી ખરેખર એ વૃદ્ધ ભાઈનું મૃત્યુ થઈ ગયું.

આજે નૈમિત્તિક પ્રભાવકની વાત કરવી છે. નિમિત્ત સમજાશે તો નૈમિત્તિક સમજાશે. આઠ પ્રકારના નિમિત્ત છે. (૧) દિવ્ય, (૨) ઔત્પાતિક, (૩) આંતરિક્ષ, (૪) ભૌમ, (૫) અંગ, (૬) સ્વર, (૭) લક્ષણ, (૮) વ્યંજન. એક એકના અગણિત પ્રકાર છે. પણ એ હજારો-લાખો પ્રકારોનો સાર

એ છે કે સૃષ્ટિ એ સર્વજ્ઞ જેવી છે. સૃષ્ટિમાં બધું જ લખેલું છે. સૃષ્ટિ અતીત પણ બતાવી શકે છે ને અતીન્દ્રિય પણ બતાવી શકે છે. સૃષ્ટિ ભવિષ્ય પણ બતાવી શકે છે અને ભૂલાયેલ-ખોવાયેલ પણ બતાવી શકે છે. શરત એટલી જ કે આપણને સૃષ્ટિની લિપિ ઉકેલતા આવડતું હોવું જોઈએ. સૃષ્ટિની લિપિ એટલે નિમિત્ત. જેમને સૃષ્ટિની લિપિ ઉકેલતા આવડે એમનું નામ નૈમિત્તિક. અને જે આ આવડતનો શાસન-પ્રભાવના માટે ઉપયોગ કરે એમનું નામ નૈમિત્તિક પ્રભાવક.

હું તમને એક સવાલ કરું કે, બે મહાત્મા હોય, તમને એમનો પરિચય આપવામાં આવે. એમનામાંથી એક સારા આરાધક હોય ને બીજા સારા પ્રભાવક હોય, તો તમને કોના પર વધારે આદર થાય ? પ્રભાવક પર બરાબર ? તો ય વાંધો નથી, પણ

એનું કારણ શું ? તમને શા માટે એમના પર વધારે આદર થાય ? આદરમાં કાંઈ ભૂલ નથી થતી, પણ એ આદરનું જે કારણ છે, એમાં ભૂલ થાય છે. આપણા આકર્ષણનું કેન્દ્ર પ્રભાવકતાની શક્તિ છે ? કે શાસનની ભક્તિ છે ?

શક્તિઓ તો આત્માને અનંત વાર મળી ચૂકી છે. ગોશાળા પાસે પણ અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન હતું. કૂલવાલક પાસે પણ કંઈક શક્તિ તો હતી. મૂળભૂત રીતે આ નિમિત્તાદિના શાસ્ત્રોને પાપશ્રુત કહ્યા છે. પાપમય શાસ્ત્ર... પાપહેતુ શાસ્ત્ર... પાપની પરંપરા કરાવનારા શાસ્ત્ર... એ પાપશ્રુત શબ્દનો અર્થ છે. નિમિત્તનું જ્ઞાન હોવું એ જોખમ છે. નિમિત્તના જ્ઞાન સાથે એના સદુપયોગનો વિવેક ન હોય, તો આત્મા એનું પુણ્ય ગુમાવે અને પાપથી ભારે થાય. ઉપદેશમાલામાં કહ્યું છે –

जोइसनिमित्तअक्खरकोउयआएसभूइकम्मेहिं ।
करणाणुमोयणाहि य साहुस्स तवक्खओ होइ ॥

***જ્યોતિષ, નિમિત્ત, અક્ષર, કૌતુક, આદેશ કે ભૂતિકર્મ આ બધું સાધુ કરે, કરાવે કે અનુમોદે તો એમના તપનો ક્ષય થઈ જાય. એટલે કે એમણે દીર્ઘકાળ સુધી તપસ્યા કરીને જે પુણ્ય અને શુદ્ધિ પામ્યા હોય, તેનો નાશ થઈ જાય છે.***

વિવેક વગરનું શાસ્ત્ર શસ્ત્ર બની જાય છે. જે પોતાને અને બીજાને નુકશાન કરે છે. ગૌતમસ્વામી વગેરે મહાપુરુષોને આ બધા જ શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન હતું. સમગ્ર સૃષ્ટિને વાંચવાની એમની પાસે એકથી વધારે શક્તિ હતી. છતાં પ્રાયઃ સમગ્ર જીવનમાં એમણે કદી પણ એ શક્તિઓનો ઉપયોગ કર્યો નથી.

**मुमुक्षवो निराकाङ्क्षा वस्तूषूपस्थितेष्वपि ।**

***ભલે શક્તિઓ સ્વાધીન હતી.***
***પણ એમને મોક્ષ સિવાય***
***બીજી કોઈ જ આકાંક્ષા ન હતી.***

શાસનપ્રભાવના શક્તિ હોય તો થઈ શકે, આ વાત અર્ધસત્ય છે. શાસનપ્રભાવના ભક્તિ સાથેની શક્તિ હોય તો થઈ શકે આ વાત પૂર્ણ સત્ય છે. શક્તિ છે પણ ભક્તિ નથી. તો શાસનપ્રભાવના નહીં થાય, દેખીતી રીતે થઈ પણ હશે, તો ય ખરા અર્થમાં તો સ્વપ્રભાવના જ થઈ હશે. અષ્ટાંગ નિમિત્તના જબરદસ્ત જ્ઞાન દ્વારા પણ સંસાર વધારી શકાય છે. પ્રાવચની, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યા, સિદ્ધ અને કવિ - આ આઠે વ્યક્તિ ભક્તિ વિનાની શક્તિ દ્વારા પોતાનો સંસાર વધારે છે.

**જ્યાં શાસન માટે લાગણી નથી, શાસનહિતની ચિંતા નથી, શાસનરક્ષાની સંવેદના નથી... જ્યાં માત્ર પ્રશંસા અને પ્રસિદ્ધિની ભૂખ છે, જ્યાં માત્ર પોતાની ભાખરી શેકી લેવી છે, ત્યાં શાસનના કાર્યો બાહ્ય દૃષ્ટિએ થતા હોવા છતાં હકીકતમાં તો પર્સનલ કાર્યો જ થતા હોય છે, ત્યાં શાસન ફક્ત એક સાધન બની જાય છે.**

નિમિત્ત વિષેનું અજબ-ગજબ જ્ઞાન તમે જાણ્યું. આટલું જ નહીં, બીજું પણ અજબ ગજબનું નિમિત્તજ્ઞાન જિનશાસનમાં બતાવેલું છે.

चक्कहरम्मि भमाडो ।। ओघनिर्युक्ति ।।

***તમે ક્યાંક જવા નીકળ્યા છો અને તમને સામેથી કોઈ માણસ આવતો દેખાયો, એના હાથમાં પૈડું છે, તો સમજી લો કે આજે તમારે જ્યાં પહોંચવું છે, ત્યાં તમે ફરી ફરીને પહોંચશો.***

समणं संजयं दंतं सुमणं मोयगा दहिं ।
मीणं घंटं पडागं च सिद्धमत्थं वियागरे ।।

– ओघनिर्युक्ति ।।

**તમે જઈ રહ્યા છો**
**ને સામેથી સંયમી મહાત્મા આવ્યા,**
**ફૂલ, મોદક, દહીં, માછલી, ઘંટ કે ધજા આવી.**
**તો સમજી લો કે તમારું કામ થઈ ગયું.**

આગમમાં ત્યાં સુધીની વાત કરી છે, કે કાળ કરી ગયેલ મહાત્માના શરીરને મહાપારિષ્ઠાપનિકાની મૂળ વિધિ મુજબ વન-વગડામાં યોગ્ય સ્થાને મુકી આવ્યા પછી બીજા દિવસે ગીતાર્થ મહાત્માઓ તે શરીરને જોવા જાય. તેમાં પશુ-પંખી દ્વારા જે અંગો ખવાયા હોય, તેના આધારે મહાત્મા કઇ ગતિમાં ગયા તેનું જ્ઞાન થઈ શકે. જો મહાત્માનું માથું કોઈ વૃક્ષ ઉપર ઊંચે દેખાય, તો સમજી લેવું કે એ મહાત્મા

અંત સમયે કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા છે. વન્ય પશુઓ મહાત્માના શરીરને જે દિશામાં તાણી જાય, તે દિશાના ગામ-નગરોમાં કોઈ ઉપદ્રવ ન થાય અને ત્યાં સુકાળ વર્તે.

નિમિત્ત વિષેના અજબ-ગજબના જ્ઞાનનો પરિચય પામીને તમારા મનમાં આવું બધું જાણવાનું કુતૂહલ થાય, એનો પ્રયોગ કરવાનું મન થાય અથવા એના જાણકાર પાસેથી કંઈક જાણવાનું મન થાય, એ પહેલા એટલું સમજી લો કે જો આપણામાં પાત્રતા નથી, તો આ બધું ઝેર છે. અપાત્રમાં અમૃત પણ જાય તો ય ઝેર જ થાય છે. નિમિત્તશાસ્ત્રોને પાપશ્રુત એટલા માટે કહ્યું છે કે અવિવેકી જીવ એનો દુરુપયોગ કરે અને પાપ બાંધે, મોટા ભાગના જીવોમાં વિવેક હોતો નથી એટલે મેજોરિટી તો આ પાપશ્રુત જ ઠરવાનું.

એવા વિરલા જીવો હોય છે, જેમની પાસે શક્તિ સાથે પાચનશક્તિ હોય છે, એવા વિરલા જીવો હોય છે, જેમનામાં શક્તિ સાથે શાસન પ્રત્યેની અવિહડ ભક્તિ હોય છે. ગુરુ એવા શિષ્યને ઉત્તરાધિકારી બનાવે છે. ગુરુ એવા શિષ્યને ચમત્કારિક શ્રુત આપે છે. ગુરુ સમજે છે કે અપાત્રને એવું શ્રુત આપવામા મારો પણ સંસાર વધી જાય. ગુરુ સુપાત્રને જ એવું શ્રુત આપે, ને એ આત્મા નૈમિત્તિક જેવા પ્રભાવક બને.

શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજા આવા પ્રકારના નૈમિત્તિક પ્રભાવક હતા.

**ભદ્રબાહુ પરે નિમિત્ત કહે પર મત જીપણ કાજ,**
**તેહ નિમિત્તિયો ચોથો જાણીએ શ્રી જિનશાસન રાજ.**
**ધન ધન શાસન મંડન મુનિવરા.**

**જે પરદર્શનને જીતવા માટે ભદ્રબાહુસ્વામીની**
**જેમ નિમિત્ત કહે તે નૈમિત્તિક નામના**
**ચોથા પ્રભાવક છે.**
**તેવા મહાપુરુષ જિનશાસનમાં રાજા જેવા હોય છે.**
**તેવા શાસનમંડન મુનિવરોને ધન્ય ધન્ય છે.**

ભદ્રબાહુસ્વામીના સગા ભાઈ વરાહમિહિરમુનિ આચાર્યપદ ન મળવાથી ગુસ્સે થઈને દીક્ષા છોડીને જતા રહ્યા છે. શાસન, સંયમ અને સ્વ-ત્રણેનું હિત એક અહંકારથી નષ્ટ થઈ જાય છે. જ્યાં નમ્રતાનું જ્ઞાન નથી, ત્યાં નિમિત્તનું જ્ઞાન વ્યર્થ છે. અનર્થક છે. આત્માને ઘોર નુકશાન કરનાર છે. સંસારમાં સ્મરણશક્તિનું મૂલ્ય વધુ છે. શાસનમાં સમર્પણશક્તિનું મૂલ્ય વધુ છે. વરાહમિહિર સ્મરણશક્તિ અને સમર્પણશક્તિ બેઉમાં પછાત હતા. ભદ્રબાહુસ્વામી

બેઉમાં એની આગળ હતા. માટે ગુરુએ એમની પાત્રતા જોઈને એમને આચાર્યપદ આપ્યું. પણ એ વરાહમિહિરથી સહન ન થયું. એમણે સમર્પણ છોડ્યું. શાસન છોડ્યું. સંયમ છોડ્યું અને સ્વહિત પણ છોડ્યું. એ ફરી ગૃહસ્થ બની ગયા. આગમોનો કંઈક અભ્યાસ કરેલ એના આધારે સવા લાખ શ્લોક પ્રમાણ નવો જ્યોતિષ ગ્રંથ બનાવ્યો. નામ રાખ્યું વારાહીસંહિતા. લોકોમા એવી વાત ફેલાવી કે મને સૂર્ય ભગવાને બાર વર્ષ સૂર્યમંડલમાં રાખ્યો ને બધો ગ્રહચાર બતાડ્યો માટે મને જ્યોતિષનું બધું જ જ્ઞાન છે.

રાજાના દીકરાના ભવિષ્ય તરીકે વરાહમિહિર ૧૦૦ વર્ષનું આયુષ્ય કહે છે. પૂ. ભદ્રબાહુસ્વામી મહારાજ જુએ છે કે નિમિત્ત કહેવું એ સાધુનો

ધર્મ નથી. પણ જો અત્યારે નિમિત્ત કહેવામાં આવે તો શાસનરક્ષા અને શાસનપ્રભાવના થઈ શકે તેમ છે એમ સમજીને કહે છે કે 'સાત દિવસ પછી બિલાડાથી એ રાજકુમારનું મૃત્યુ થવાનું છે.' ભદ્રબાહુસ્વામીનું વચન સાચું પડે છે. જબરદસ્ત શાસનપ્રભાવના થાય છે. રાજા પોતે જૈન ધર્મનો સ્વીકાર કરે છે.

**નિમિત્ત બહુ જ ખર્ચાળ હોય છે, તેથી બહુ મોટો નફો ન થતો હોય, તો તેનો પ્રયોગ ન કરી શકાય, કારણ કે તેમ કરવા જતા દેવાળું નીકળતું હોય છે. આપણું બહુ જ મોટું સદ્ભાગ્ય એ છે કે આપણી પાસે હવે મોટા ભાગના ચમત્કારિક શાસ્ત્રો નથી રહ્યા. જે થોડા રહ્યા છે તે પ્રાયઃ કોડ નંબર વગરના ફોન નંબર જેવા છે. જે સાચા છે, પણ પ્રયોગ કરી શકાય તેવા નથી. અમુક પ્રયોગ કરાય**

**એવું પણ છે પણ જેનામાં શુદ્ધ શાસનસમર્પણ ન હોય એને પ્રાયઃ એ ફળતું નથી.**

પૂર્વાચાર્યોએ જોયું કે હવેના જીવો મંદ સત્ત્વવાળા થશે. તેઓ એવો વિવેક નહીં કરી શકે કે આવી વસ્તુમાં નિમિત્ત વગેરેનો પ્રયોગ કરવો કે ન કરવો ? અપુષ્ટાલંબને પણ પ્રયોગ કરીને તે જીવો પોતાનો સંસાર વધારશે, તેના કરતા તેમને આવી શક્તિઓ મળે જ નહીં, એમાં એમનું હિત છે. માટે પૂર્વાચાર્યોએ તેવું શ્રુત ને તેના આમ્નાય (કોડવર્ડ) આગળ ન આપ્યા. માટે તે તે શ્રુતનો તે તે પૂર્વાચાર્ય પાસે વિચ્છેદ થઈ ગયો.

આચારાંગ સૂત્રના સાતમા અધ્યયનમાં આકાશગામિની વિદ્યા હતી, આજે એ સાતમા અધ્યયનનો જ વિચ્છેદ થઈ ગયો છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં દેવતાને હાજર કરવાની વિદ્યાઓ હતી. આજે

એનું મૂળ સ્વરૂપ વિદ્યમાન નથી. યોનિપ્રાભૃતસૂત્રમાં સોનું, ચાંદી વગેરે બનાવવાની વિધિ હતી, આજે આ સૂત્ર પણ નથી. વિદ્યાપ્રવાદ પૂર્વમાં અજબ ગજબની ચમત્કારિક વિદ્યાઓ હતી એ પણ આજે નથી. અંગવિદ્યા, જયપાયડ, રિષ્ટ સમુચ્ચય જેવા નિમિત્તશાસ્ત્રો છે ખરા, પણ આમ્નાયો વિના એમનો પ્રયોગ કરવા જતા ભોંઠા પડવું પડે એવી પૂરી સંભાવના છે.

છગને મગનને કહ્યું, ''અલ્યા, તું બીડી પીવાનું છોડી દે, બીડી બહુ ખરાબ.'' મગન કહે, ''હવે જોખમ ન લેવાય.'' છગન કહે, ''એટલે ?'' મગન કહે, ''મેં પહેલી વાર બીડી છોડી ત્યારે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ થઈ ગયું, બીજી વાર છોડી, ત્યારે ભારત-ચાઈનાનું યુદ્ધ થઈ ગયું, હવે જોખમ ન લેવાય.''

**આપણી સ્થિતિ આવી છે, કારણ કે આપણી પાત્રતા આવી છે. પૂર્વના મહાપુરૂષો પાત્રતા અને શક્તિનો સમન્વય હતા. ને એ સમન્વય દ્વારા એમણે શાસનની જબરદસ્ત પ્રભાવના કરી હતી. એવા મહાપુરૂષોના ચરણોમાં કોટિ કોટિ વંદન.**

આપણી પાસે વ્યવહાર નિમિત્ત નથી, પણ નિશ્ચય નિમિત્ત છે, વ્યવહાર નિમિત્ત ભવિષ્યકાળને જણાવી શકે છે, નિશ્ચયનિમિત્ત ભવિષ્યકાળને સુધારી શકે છે. બાહ્ય સિદ્ધિઓ મળે એવા શાસ્ત્રોનો ભલે વ્યુચ્છેદ થયો, આંતરસિદ્ધિઓ મળે એવા શાસ્ત્રો આજે પણ વિદ્યમાન છે. આંતરસિદ્ધિઓને મેળવવાની યાત્રામાં બાહ્ય સિદ્ધિઓને મેળવવાની ભૂતાવળો વિઘ્ન ન બની જાય, તે માટે આપણને પૂર્વાચાર્યોએ જ આ વ્યવસ્થા કરી આપી છે. બસ, તમે આંતર-સિદ્ધિઓની યાત્રા જ નિર્વિઘ્નપણે કરતા રહો.

કોઈનો દીકરો બહારગામથી ક્યારે પાછો આવશે, એનો વિચાર જ છોડી દો, તમે પોતે બાહ્ય ભાવોમાંથી આંતરભાવોમાં ક્યારે આવશો ? એનો વિચાર શરૂ કરી દો. કોઈના ખોવાયેલા પાકીટ કે થાળીને ખોળવાની ચિંતા છોડી દો અને અનાદિ કાળથી ખોવાયેલ આંતરધનને ખોળવાની ચિંતા શરૂ કરી દો. પંખીના કલરવને પરખવાની મથામણ છોડી દો અને આત્મપંખીના સ્વરૂપને પરખવામાં મગ્ન થઈ જાઓ. કોણ કેટલું જીવશે ને ક્યારે મરશે એનો વિચાર છોડી દો અને મારો સંસાર કેટલું જીવશે ? ક્યારે મરશે ? મારા મોક્ષનો જન્મ ક્યારે થશે ? એનો વિચાર શરૂ કરી દો.

સૃષ્ટિની લિપિ ન ઉકેલાય તો ય મોક્ષ થઈ જશે, જિનાજ્ઞાની લિપિ ન ઉકેલાય તો મોક્ષ થવાની કોઈ જ શક્યતા નથી. પ્રભાવનાની શક્તિ ન હોય,

તો પ્રભાવના કર્યા વિના પણ મોક્ષ થઈ જશે. પણ આરાધના વિના મોક્ષ થવાની કોઈ જ શક્યતા નથી. પ્રભાવકોના આદર્શને સામે રાખી શક્ય શાસનસેવા સાથે આરાધનામાં મગ્ન થઈએ, એ જ કલ્યાણનો ઉપાય છે.

પરમ તારક પરમ શ્રદ્ધેય
શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો
મિચ્છામિ દુક્કડમ્.

શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન સંઘ,
ગોદાવરી, અમદાવાદ
જેઠ સુદ ૧, વિ. ૨૦૭૭